PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૦/કવા–૦૩/૧૭–૧૮/ 105 તા. 03-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
આસ્થા એસોસીયેટસ,
પ્લોટ નં. એચ–૩ / એચ–૪
આનંદ કોમ્પલેક્ષ, હોસ્પીટલ રોડ
લીમડા ચોક, ચોરવાડ
જી. જુનાગઢ
મો: ૯૪૨૯૩ ૪૪૪૭૧

**વિષય :–ટેમપરરી જોડાણ ની રકમ રીફંડ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૦/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ચોરવાડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૦/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૯–૧૨–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: આસ્થા એસોસીયેટસ, ગામ: ચોરવાડ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ચોરવાડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)

રજુઆત કરનાર :પી.એલ.ગોહિલ – વિભાગીય કચેરી ,માંગરોલ

## : હુકમ :

**ફરીયાદ : ટેમપરરી જોડાણ ની રકમ રીફંડ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ આસ્થા એસોસીયેટ નામથી ટેમપરરી જોડાણ ધરાવતા હતા. તે જોડાણ ના ડિપોઝીટ ની રૂ.૪૦૦૦/– ની રીફંડ મેળવવા માટે ની અરજી ની સામે – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા કંપની ને રૂ.૩,૯૬૫/– ચુકવવાના બાકી રહેતા હોવાનો – તેઓએ ભરપાઈ કરવાના થાય છે. તેમજ – આ પત્ર મળ્યા બાદ જો પૈસા ભરપાઈ નહી કરવામા આવે તો – લીગલ ની કાર્યવાહી ની ફરજ પડશે – તેમ પણ જણાવેલ હતુ. આમ, અરજદારે અત્રેના ફોરમ સંમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા.નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, આસ્થા એસોસીયેટ ગામ: ચોરવાડ દ્રારા તા.૧૯–૦૯–૧૪ ના રોજ ૦૪ કીવો માટે નુ સીગલ ફેઇઝ ટેમપરરી વીજ જોડાણ ની અરજી કરાતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા તા.૨૬–૦૯–૧૪ ના રોજ જરૂરી ભાવપત્રક આપવામા આવેલ. જે અરજદાર દ્રારા તા.૨૬–૦૯–૧૪ ના રોજ ભરપાઈ કરાતા – ટેમપરરી વીજ જોડાણ તા.૧૪–૧૧–૧૪ ચાલુ કરી આપેલ હતુ. તેમજ તેનુ નિયમીત વીજબીલ આપવામા આવેલ. તા.૦૫–૧૧–૧૫ ના રોજ અરજદાર દ્રારા ઉપરોકત ટેમપરરી વીજ જોડાણ રદબાતલ કરવા માટે ની અરજી કરાતા – તા.૧૦–૧૧–૧૫ ના રોજ મીટર સર્વિસ ઉતારી પીજીવીસીએલ મા જમા કરાવેલ છે. પીજીવીસીએલ દ્રારા સદર સમયગાળા દરમ્યાન કુલ વીજબીલ રૂ.૩૩, ૫૩૪/૯૬ ની સામે – અરજદાર દ્રારા કુલ રૂ.૨૯,૬૬૬/– ભરપાઈ કરવામા આવેલ હતા. જે મુજબ – સદર વીજબીલ પેટે રૂ.૩,૮૬૮/૯૩ બાકી રકમ હતી. તેમજ, મીટર અને સર્વિસ ઉપર લેવાનો થતો ચાર્જ રૂ.૯૮૩/૨૮ બાકી હતા. એટલેકે કુલ રૂ.૪,૮૫૨/૩૩ સદર અરજદાર પાસેથી વસુલાત કરવાના રહેતા હોય – જે ગ્રાહક દ્રારા ભરપાઈ કરવામા આવેલ સીકયોરીટી ડિપોઝીટ પેટે રૂ.૪૦૦૦/– જમા લઈ બાકી ની રકમ રૂ.૮૫૨/૨૧ અરજદાર દ્રારા તા.૨૦–૧૧ –૧૭ ના રોજ ભરપાઈ કરી આપવામા આવેલ છે. જે બાબતે – બન્ને પક્ષકાર વચ્ચે સમાધાન થયા મુજબ અરજદાર શ્રી એ તેમના તા.૨૦–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે જણાવ્યા મુજબ – બન્ને પક્ષકાર વચ્ચે ટેમપરરી જોડાણ ની ડિપોઝીટ ની રકમ રીફંડ મેળવવા બાબતે સમાધાન થયા મુજબ – અરજદાર શ્રી એ તેમના તા.૨૦–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવા સબબ નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, – બન્ને પક્ષકાર વચ્ચે ટેમપરરી જોડાણ ની ડિપોઝીટ ની રકમ રીફંડ મેળવવા બાબતે સમાધાન થયેલ હોય – જે બદલ અરજદાર શ્રી એ તેમના તા.૨૦–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.